ક્રમાંક:ઘ/અ-૩/પોલીસી/GPF/CPF/સહાય/કાર્યવાહી/2018/ 16429-63

નિયામક, શાળાઓની કચેરી,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. /08/2018.

9 AUG 2018

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી. શાખા
નવસારી જિલ્લો,નવસારી
આવક નંબર 12860
તારીખ 23/8/18

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.....

વિષયઃ- રાજ્યના તમામ NPS સ્કીમ હેઠળના સ્વ.કર્મચારીઓના કેસોમાં બાકી નોકરીના સમયગાળાને તેમજ અવસાનની તારીખને ધ્યાને લઇ ઉચ્ચક સહાયની રકમ મંજુર કરવા ચેકલીસ્ટ તથા એનેક્ષર-ડી અને ડી-1 પૂન: રજુ કરવા બાબત.

સંદર્ભઃ- (૧) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:રહમ/102009/1651/ક, તા.5/7/2011 અન્વયે.
(૨) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:રહમ/102009/1651/ક, તા.7/4/2016 અન્વયે.
(૩) અત્રેની કચેરીના પત્રાંક:15905, તા.2/8/2018ના પત્ર દ્વારા સરકારશ્રીને અવગત કરેલ પત્ર અન્વયે.

ઉપર્યુક્ત વિષય તેમજ સંદર્ભદર્શિત ઠરાવ 1 અને 2 અન્વયે જણાવવાનું કે નિમણૂંક તારીખથી ફિક્સ પગારમાં સમાવેશ થયેલ હોય અને નવી વર્ધિત પેન્શન યોજનામાં આવતા હોય તેવા તમામ ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓના તમામ સ્વર્ગસ્થ કર્મચારીઓના આશ્રિતોને ઉચ્ચક નાણાંકીય સહાય મંજુર કરવા અર્થે સામાન્ય વહીવટ વિભાગના તા.5/7/2011ના ઠરાવની જોગવાની શરત નં.3(1)ના સ્લેબમાં નિર્દેશ કરેલ મુજબ બાકી નોકરીના સમયગાળાને તેમજ સામાન્ય વહીવટ વિભાગના તા.7/4/2016ના ઠરાવની જોગવાની શરત નં.1 મુજબ એટલે કે કોઇપણ સ્વ.કર્મચારીનું તા.1/4/2016 કે ત્યારબાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર આશ્રિતોના ઉચ્ચક નાણાંકીય સહાયના કેસોમાં સામાન્ય વહીવટ વિભાગના તા.5/7/2011ના ઠરાવના સ્લેબની રકમ એટલે કે રૂ.4.00 લાખ, રૂ.5.00 લાખ અને રૂ.6.00 લાખ ચુકવવા તેમજ તા.1/4/2016 કે ત્યારબાદ અવસાન થયેલ હોય તેવા સ્વ.કર્મચારીઓને સામાન્ય વહીવટ વિભાગના તા.5/7/2011ના ઠરાવના સ્લેબની રકમને ધ્યાને લીધા સિવાય રૂ.8.00/- લાખ મંજુર કરવા સબબની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આ અંગે સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:રહમ/102017/યુઓ/106(180995)/ક, તા.20/7/2017ના સંદર્ભમાં કરાયેલ છે. જેના ક્રમ નં.1 માં રાજ્ય સરકારની વિવિધ કચેરીઓ ખાતેની જગ્યા ઉપર ફીકસ પગારની નીતિ અન્વયે <u>કરારીય ધોરણે નિમણૂંક પામેલ વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓની ફીક્સ પગારની સેવા દરમ્યાન અથવા ફીકસ પગારની સેવા બાદની નિયમિત સેવાના એક વર્ષના સમય દરમ્યાન થયેલ અવસાનના કિસ્સામાં સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.25/10/2017ના પત્ર દ્વારા ફીકસ કરવામાં આવેલ રૂ.4,00,000/- (અંકે ચાર લાખ પુરા) ઉચ્ચક નાણાંકીય સહાય મંજુર કરવાની હાલ કાર્યવાહી ચાલુમાં છે.</u> જેથી આવા સમાન પ્રકારના કેસોમાં અત્રેની કચેરીના તા.18/12/2017ના નિયત કરવામાં આવેલ પરિપત્રના ચેકલીસ્ટના એનેક્ષર-A to G ની સ્થાયી સુચનાનુસાર જ તમામ કેસો રજુ કરવાના રહેશે.

પ્રસ્તુત બાબતોને ધ્યાને લઇ પ્રથમ પેરેગ્રાફમાં દર્શાવેલ વિગતે બાકી નોકરીના સમયગાળા મુજબ તા.5/7/2011ના ઠરાવના સ્લેબની રકમ તેમજ તા.1/4/2016 બાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સ્વ.કર્મચારીઓને તા.7/4/2016ના ઠરાવની શરત નં.1 મુજબ ઉચ્ચક નાણાંકીય સહાયની રકમ મંજુર કરવાપાત્ર થતી હોય તેવી રકમનો ઉલ્લેખ આ સાથેના એનેક્ષર-ડી અને ડી-1 ઉપર સંપૂર્ણ ચકાસણી કરી શાળાના લેટરપેડ ઉપર આચાર્યના સહી/સિકકાથી પ્રમાણિત કરાવી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની ભલામણ સહ અત્રેની કચેરી ખાતે દિન-10 માં રૂબરૂમાં આવી કામગીરી સંભાળતા સબંધિત કર્મચારી દ્વારા બિનચૂક મોકલી આપવા જણાવવામાં આવે છે. (એનેક્ષર-ડી અને ડી-1 સામેલ છે.)

આ અંગે વધુમા જણાવવાનું કે આવા સમાન પ્રકારના કેસોમાં તા.18/12/2017ના પરિપત્રના ચેકલીસ્ટના મુદ્દા નં.21 અને 23 ઉપર આપની કક્ષાએથી રૂ.4.00/- લાખની ભલામણ કરવામાં આવેલ છે. જેથી આ અંગે નવેસરથી એનેક્ષર-ડી અને ડી-1 ઉપર જે મંજુર કરવાપાત્ર રકમ થતી હોય તે રકમનો ઉલ્લેખ કરી તે રકમ ચેકલીસ્ટમાં દર્શાવી મોકલી આપવાનું રહેશે અને ફકરા નં.2ની જોગવાઇ મુજબ ફીકસ કરવામાં આવેલ રકમ રૂ.4.00/- લાખની સુચના યથાવત રાખવામાં આવે છે અને તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આ અંગેની જાણ આપની કક્ષાએથી તમામ ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓને બિનચૂક વિધિવત રીતે કરવાની રહેશે. જેથી કરીને અત્રેની કચેરી ખાતે બારોબાર શાળાઓના કર્મચારીઓ કે અરજદારોને સુચનાપત્ર કે એનેક્ષરો મેળવવાના પ્રસંગો પણ બનવા પામશે નહી. <u>આ સાથે નવીન તૈયાર કરવામાં આવેલ એનેક્ષર-ડી અને ડી-1</u> સામેલ છે.

નોંધ પર માન.સં.નિ.શ્રી(હિસાબ) અને માન.સં.શિ.નિ.શ્રી(માધ્ય.)ના મળેલ આદેશાનુસાર

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર.

<u>બીડાણ</u>:- ઉપર મુજબ

નકલ સવિનય રવાના : ઉપસચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગ-શાખા, સચિવાલય, ગાંધીનગર.

Scanned by CamScanner

## એનેક્ષર-D

1. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:રહમ/102009/1651/ક, તા.5/7/2011 અન્વયે.
2. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:રહમ/102009/1651/ક, તા.7/4/2016 અન્વયે.
3. શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક:બમશ/1011/1418/ગ, તા.4/5/2018થી મળેલ સમર્થન અન્વયે.
4. અત્રેની કચેરીના પત્રાંક: ઘ/અ-૩/પોલીસી/ફીકસ પગાર/CPF/માર્ગદર્શન/2018/15905, તા.2/8/18 અન્વયે.

ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામતા તમામ ગ્રાન્ટ ઇન એઇડ શાળાના તમામ સ્વ.કર્મચારીઓના આશ્રિત કુટુંબને રહેમરાહે ઉચ્ચક નાણાકીય સહાય મંજુર કરવા સબબનુ નવીન અમલમાં આવેલ એનેક્ષર.

### -: ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાએ આપવાનું બાંહેધરીનું પ્રમાણપત્ર :-

| | | |
|---|---|---|
| જિલ્લાની કચેરીનું નામ | : | |
| સંસ્થાનું નામ | : | |
| અરજદારનું નામ | : | |

સ્વ.કર્મચારી..........................................................સંસ્થામાં.........................જગ્યા પર નિયમિત ધોરણે તમામ ભરતીની પ્રક્રિયા મુજબ નિમાયેલ હતા. તેમની જન્મ તા........................... એલ.સી.નં............. જી.આર.નં.................સ્વ.કર્મચારીએ અભ્યાસ કરેલ શાળાનું નામ........................................................... મુજબ છે. તેઓએ તા........................થી તા..........................સુધી કુલ દિવસ........... માસ........... વર્ષ........ સુધી ફરજો બજાવેલ છે. જે સમયગાળા મુજબની છે. અને ચાલુ નોકરીએ તા.............................ના રોજ અવસાન પામેલ છે તેમની દિવસ...........માસ......... વર્ષ.........ની કુલ નોકરી જન્મતારીખને ધ્યાને લઇ અવસાન બાદની નોકરી બાકી રહેવા પામેલ છે.

સ્વ.ના આશ્રિત વારસદાર શ્રી..............................................................એ ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-......... ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા અંગે ઉકત દર્શાવેલ ઠરાવ મુજબ તાં...............................ના રોજ સહાય મેળવવાની રજુઆત કરેલ છે. ઉપરોકત જોગવાઇ મુજબ આશ્રિતને રૂા...................................(અંકે રૂપિયા...............................પુરા)ની ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા ભલામણ કરવામાં આવે છે.

સામાન્ય વહીવટ વિભાગના તા.13/10/2015ના ઠરાવમાં કરવામાં આવેલ જોગવાઇની શરત નં.૩(૩) વિગતે સ્વ.કર્મચારીઓના આશ્રિતોને જે અગ્રતાક્રમ 1. થી 6 મુજબ નિયત કરવામાં આવેલ છે. તે પૈકીના અગ્રતાક્રમ નંબર......ના આશ્રિત .......... (વિધવા કે વિધુર/પુત્રી કે પુત્ર/માતા અને પિતા કોઇપણ એક નો ઉલ્લેખ કરવો) સ્વ.કર્મચારી સાથે સબંધ ધરાવે છે. જેથી ઠરાવના અગ્રતાક્રમ નિયમ મુજબ જળવાઇ છે જેની ખાત્રી કર્યા બદલનું ઉચ્ચક સહાય મંજુર કરવાના હેતુસર આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| સ્થળ :............................ | પ્રમુખ/મંત્રી<br>કેળવણી મંડળનું નામ પુરૂ સરનામું | આચાર્યના<br>સહી / સિકકા |
| તારીખ :............................ | | |

| | | |
|---|---|---|
| સ્થળ :............................ | કચેરીનું<br>રાઉન્ડ | જિલ્લા શિક્ષણાધિકારી<br>સહી તથા સિક્કો |
| તારીખ :............................ | | |

Scanned by CamScanner

## એનેક્ષર-D-1

1. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:રહમ/102009/1651/ક, તા.5/7/2011 અન્વયે.
2. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:રહમ/102009/1651/ક, તા.7/4/2016 અન્વયે.
3. શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક:બમશ/1011/1418/ગ, તા.4/5/2018થી મળેલ સમર્થન અન્વયે.
4. અત્રેની કચેરીના પત્રાંક:ઘ/અ-3/પોલીસી/ફીકસ પગાર/CPF/માર્ગદર્શન/2018/15905, તા.2/8/18 અન્વયે.

**ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામતા તમામ ગ્રાન્ટ ઇન એઇડ શાળાના તમામ સ્વ.કર્મચારીઓના આશ્રિત કુટુંબને રહેમરાહે ઉચ્ચક નાણાકીય સહાય મંજુર કરવા સબબનુ નવીન અમલમાં આવેલ એનેક્ષર.**

### -: ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાએ આપવાનું બાંહેધરીનું પ્રમાણપત્ર :-

| | | |
|---|---|---|
| જિલ્લાની કચેરીનું નામ | : | |
| સંસ્થાનું નામ | : | |
| અરજદારનું નામ | : | |

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ...................................................................શાળાના સ્વ.કર્મચારી ..................................................................નું ચાલુ નોકરી દરમ્યાન તા.................................ના રોજ અવસાન થયેલ છે. સ્વ.કર્મચારીના આશ્રિત અરજદાર શ્રી/શ્રીમતી..................................................................... ની તા...........................ની સહાય મેળવવાની રજુઆત ધ્યાને લઇ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્ર:રહમ/૧૦૨૦૦૯/૧૬૫૧/ક, તા.૦૫/૦૭/૨૦૧૧ અન્વયે એનેક્ષર-A માં દર્શાવેલ વિગતેની બાકી રહેતા નોકરીના સમયગાળા મુજબ રૂ...................................(અંકે રૂપિયા...............................પુરા)ની ઉચ્ચક નાણાકીય સહાયની રકમ તેમજ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્ર:રહમ/૧૦૨૦૦૯/૧૬૫૧/ક, તા.૦૭/૦૪/૨૦૧૬ના ઠરાવની જોગવાઇની શરત નં.૧ મુજબ એટલે કે તા.૫/૭/૨૦૦૧ના ઠરાવને ધ્યાને લીધા સિવાય અને તા.૧/૪/૨૦૧૬ કે ત્યારબાદ અવસાન થયેલ હોય તેવા કિસ્સામાં સ્વ.કર્મચારીના આશ્રિતને ઉચ્ચક નાણાંકીય સહાયની રકમ રૂ....................................(અંકે રૂપિયા...............................પુરા) ચુકવવા આશ્રિત અરજદાર કક્ષાએથી પેઢીનામું તથા રજુ કરવાના થતા તમામ નોટરી સમક્ષ કરવામાં આવેલ અસલ સોગંદનામા તથા સા.વ.વિ.ના તા.૦૫/૦૭/૨૦૧૧ના ઠરાવ મુજબ અને સા.વ.વિ.ના તા.૭/૪/૨૦૧૬ના ઠરાવની જોગવાઇ મુજબ ઉચ્ચક નાણાંકીય સહાયની રકમ મંજુર કરવા ભલામણ તેમજ અભિપ્રાય આપવામાં આવે છે. જેની રેકર્ડની કાત્રી કર્યા બદલનું આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| | પ્રમુખ/મંત્રી | આચાર્યના |
| સ્થળ :............................ | કેળવણી મંડળનું નામ પુરૂં સરનામું | સહી / સિક્કા |
| તારીખ :........................... | | |

| | | |
|---|---|---|
| સ્થળ :............................ | કચેરીનું<br>રાઉન્ડ | જિલ્લા શિક્ષણાધિકારી<br>સહી તથા સિક્કો |
| તારીખ :........................... | | |

Scanned by CamScanner